# એકમ 2 : આધુનિક રાષ્ટ્રનું નિર્માણ

અત્યાર સુધીમાં તમે ભારતમાં બ્રિટિશ શાસનનો ઉદય, ભારતનાં ધાર્મિક, સામાજિક અને રાષ્ટ્રીય આંદોલનો, વીસમી સદીમાં વિશ્વના રાજકીય પ્રવાહો, બે વિશ્વયુદ્ધો, રશિયનક્રાંતિ, એશિયા અને આફ્રિકાના દેશોમાં પ્રવર્તતા રાષ્ટ્રવાદ ઉપરાંત સ્વાતંત્ર્યોત્તર ભારત વિશે વિગતે અભ્યાસ કર્યો.

હવે, આ એકમમાં આપણે ભારતના આધુનિક રાષ્ટ્ર તરીકેના નિર્માણનો અભ્યાસ કરીશું. સ્વતંત્રતાની પ્રાપ્તિ બાદ ભારતને સૌપ્રથમ શાસન-વ્યવસ્થા માટે બંધારણ ઘડવાની આવશ્યકતા ઊભી થઈ. બંધારણસભાએ વિશાળ ભારતના વૈવિધ્યપૂર્ણ લોકોની અપેક્ષાઓ, આકાંક્ષાઓની પૂર્તિ કરવા માટે વિશ્વના શ્રેષ્ઠ લોકશાહી દેશોના બંધારણનાં સારરૂપ તત્ત્વોને લઈને વિશદ, વિગતપૂર્ણ, લેખિત સ્વરૂપે બંધારણ ઘડ્યું, જેનો અમલ 26 જાન્યુઆરી, 1950થી શરૂ થયો અને ત્યારથી ભારત એ લોકશાહી પ્રજાસત્તાક રાજ્ય બન્યું.

અનેક ભાષાઓ, ધર્મ, જાતિઓ અને સંસ્કૃતિઓ ધરાવતા ભારત જેવા દેશનું શાસન લોકશાહી ઢબે સંચાલન ઉત્તમ રીતે થાય તે થકી ભારતમાં લોકશાહી, સાર્વભૌમ, સમાજવાદ, બિનસાંપ્રદાયિકતા અને રાષ્ટ્રીય એકતા અને બંધુતા અને સમાનતાના સિદ્ધાંતોના આધારે દેશમાં કલ્યાણરાજ સ્થાપવાનો મૂળભૂત હેતુ સ્પષ્ટ હતો.

મનુષ્યનું મનુષ્ય તરીકેનું ગૌરવ બક્ષવા માટે વ્યક્તિ-સ્વાતંત્ર્યના રક્ષણ અર્થે, રાષ્ટ્રની સ્થિરતા તથા રાજ્યની આપખુદશાહી સામેના રક્ષણ આપવા માટે દરેક વ્યક્તિને મૂળભૂત અધિકારો મળવા જરૂરી છે.

રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોના આધારે રાજ્યે પોતાના અનુકૂળ સંજોગોને આધીન રહીને નીતિ-ઘડતરમાં અને તેના અમલ થકી તમામ લોકોને સામાજિક, રાજકીય તેમજ આર્થિક ન્યાય મળી રહે એવી સમાજરચના સ્થાપવાનો પ્રયત્ન કરવાનો રાજ્યોને આદેશ આપતી જોગવાઈઓ બંધારણમાં કરવામાં આવી છે.

સરકારનાં મુખ્ય ત્રણ અંગો ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્ર છે. આ ત્રણેય અંગોની રચના, તેમનાં કાર્યો અને સત્તાઓની વિશદ છણાવટ બંધારણના ઘડવૈયાઓએ બંધારણમાં કરી છે. લોકશાહીને વરેલા દેશનું સંચાલન કેવી રીતે કરવું, સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓથી પંચાયતરાજ સુધી લોકશાહીની પ્રક્રિયા પહોંચે અને લોકશાહીનાં મીઠાં ફળ લોકો ભોગવે તેથી બંધારણમાં વખતોવખત જોગવાઈઓને આધીન જરૂરી સુધારાઓ કરવામાં આવ્યા છે.

દેશમાં કાયદાઓના અમલ અને હકો/અધિકારોના રક્ષણ અને મૂળભૂત ફરજો માટે સ્વતંત્ર, નિષ્પક્ષ, એકસૂત્રી ન્યાયતંત્ર હોવું એ લોકશાહીનો આધારસ્તંભ છે, જ્યારે નિષ્પક્ષ, પારદર્શી અને ન્યાયી ચૂંટણીઓ યોજવી એ લોકશાહીની પારાશીશી છે. લોકશાહી શાસન-વ્યવસ્થામાં ભાગ લેવામાં દરેક નાગરિક સ્વતંત્ર અને સમાન છે. તે માટે સાર્વત્રિક પુખ્તવય મતાધિકાર આપવામાં આવ્યો છે. લોકોને શાસન-વ્યવસ્થા સામે પોતાનો અભિપ્રાય આપવાનો અધિકાર છે. લોકોની ચૂંટણીઓ, ચૂંટણીપંચ, રાજકીય પક્ષો અને લોકમત ઘડનારી સંસ્થાઓની કામગીરી પર, વિવિધ માધ્યમો પર રાજકીય રીતે જાગ્રત નાગરિકો સતત ચાંપતી નજર રાખે છે અને ચૂંટણી ટાણે મતદાન થકી પ્રામાણિક, નિષ્ઠાવાન, જાગ્રત, વફાદાર, પ્રજાલક્ષી સેવાકાર્યોની ભાવનાવાળા લોકપ્રતિનિધિઓને ચૂંટીને મોકલે છે. આમ, લોકશાહી દેશમાં લોકો લોકશાહી ઢબે આધુનિક ભારતના નિર્માણમાં યથોચિત યોગદાન આપે છે.